Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ વૈશાખ

જેઓ મનને દુષિત કરનારા વિષયોમાં ડુબેલા નથી, તેઓ જ સંતપુરૂષોના માર્ગને અનુસરવા શક્તિમાન થાય છે. માટે તમે મનના મોહને દૂર કરી, માયા, લોભ, માન, ક્રોધ, પ્રમાદ કે શિથિલતાનો ત્યાગ કરી તેમજ વાતચીત, પડપૂછ કે વાત ડહાપણ વગેરે નિરર્થક પ્રવૃત્તિઓમાં વખત ગુમાવવાનું છોડી, પોતાના કલ્યાણમાં તત્પર થાઓ. ધર્માર્થ સાધવાની ઉત્કંઠાવાળા બનો અને તપ વગેરેમાં પ્રબળ પુરૂષાર્થ દાખવો. મન, વચન અને કાયા ઉપર જેણે કાબૂ મેળવ્યો નથી, તેને માટે આત્મ કલ્યાણ સહેલું નથી.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૨ ] મે : ૧૯૭૫ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી નવકાર સ્તવન ... | પૂ. હેમચન્દ્રવિજયજી ગણિના શિષ્ય મુનિ પ્રદ્યુમનવિજય | ૧૧૩ |
| (૨) | અનેકાન્તવાદ અને પ્રભુની વાણી ... | પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી | ... ૧૧૪ |
| (૩) | શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રો નામાંન્તરો અને વિષય વૈવિધ્ય. ... | પ્રા. હિરાલાલ ર. કાપડિયા | ... ૧૧૬ |
| (૪) | ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ ... | લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી | ... ૧૧૯ |
| (૫) | પ્રેમ અને ધિક્કાર ... | મનસુખલાલ તા. મહેતા | ... ૧૨૩ |
| (૬) | સત્યવાદી શોભન શેઠ ... | રતીલાલ મફાભાઇ શાહ | ... ૧૨૬ |
| (૭) | જૈન સમાચાર ... | — — — | ... ૧૨૮ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

## શેઠ જયંતિલાલ એચ. શાહ–મુંબઈ

## સ્વર્ગવાસ નોંધ

ડૉ. વલ્લભદાસ નેણશીભાઈના તા ૩–૫–'૭૫ શનિવારના રોજ મોરબી મુકામે થયેલ અવસાનની નોંધ લેતા અમે ખૂબ દીલગીરી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ ખૂબ લોકપ્રિય તબીબ હતા. સ્વભાવે સરળ, માયાળુ અને ધર્મપ્રેમી હતા. તેઓ એક સારા લેખક પણ હતા. આપણી સભાના 'આત્માનંદ પ્રકાશ' માસિકમાં તેમના ઘણા લેખો પ્રસિદ્ધ થયા છે.

તેઓ આ સભાના પેટ્રન હતા. અને સભા પ્રત્યે ખૂબ સારી લાગણી ધરાવતા હતા. શાસનદેવ તેમના આત્માને પરમશાંતિ અર્પો એમ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તા. ૪–૫–૭૫

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ-બહેનો

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેનાં કાર્યો માટે સં. ૨૦૩૧ના વૈશાખ વદી ૭ તા. ૧–૬–૭૫ રવિવારના રોજ સવારના ૧૦–૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :-

(ક) તા. ૧૫–૧૨–૭૪ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(ખ) સં. ૨૦૨૯ની સાલના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયાં મંજૂર કરવા.
આ હિસાબ તથા સરવૈયાં વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ ઉપર મૂકેલ છે.

(ગ) સં. ૨૦૩૧ની સાલના હિસાબ ઓડીટ કરવા માટે ઓડિટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા

(ઙ) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રીઓ જે રજૂ કરે તે.

લી. સેવક

જાદવજી ઝવેરભાઈ શાહ

માનદ્ મંત્રી

---

તા. ક.—આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી પ્રભુદાસભાઇ રામજી મહેતા

## જીવનની ટૂંકી રૂપરેખા



સુપ્રસિદ્ધ કવિ અને મહાન ફિલ્સૂફ શ્રીખલિલ જિબ્રાને કહ્યું છે કે. "તમારા જ્ઞાન ઉપર બાઝી ગયેલું જડત્વનું પડ દૂર કરવા માટે, તમને જે એક વસ્તુ કુદરત તરફથી આપવામાં આવે છે, એ તમારી વેદના છે." આવી ભીષણ વેદનાના સાક્ષાત્ મૂર્તસ્વરૂપ જેવા સ્વ. જડાવબેનને ત્યાં, સોરઠના એક રળિયામણા ગામડા જામકંડોરણામાં સં. ૧૯૭૬ના આસો શુદિ ૨ બુધવાર તા. ૧૩-૧૦-૧૯૨૦ના દિવસે શ્રી પ્રભુદાસભાઇનો જન્મ થયો હતો. પ્રભુદાસભાઈના પિતાશ્રી શ્રી રામજી ભગવાનજી મહેતા શ્રી પ્રભુદાસભાઈના જન્મ દિવસે જ મૃત્યુ પામ્યાં. એક બાજુ પુત્રનો જન્મ અને બીજી બાજુ પતિની ચિરવિદાય –આ બનાવ જડાવબેન માટે કેવો કરુણ આઘાતરૂપ બન્યો હશે, તેની તો આપણે માત્ર કલ્પનાજ કરવાની રહી.

સ્વ જડાવબેન તે પાટણવાવ નિવાસી સુપ્રસિદ્ધ વાસા ભાણજી સોમજીના પુત્રી. આ આખુંયે કુટુંબ પોતાની ખાનદાની અને સૌજન્યશીલતા માટે સર્વત્ર જાણીતું છે. જગતમાં કેટલીક બહેનો એવી હોય છે કે જેને પ્રારબ્ધ રૂપી વિદ્યુતના ઝપાટા લાગવાથી કરમાવાને બદલે વધુ પવિત્ર બને છે. કલાપિએ કદાચ આ દૃષ્ટિએ જ કહ્યું હશે કે, 'છે વૈધવ્યે વધુ વિમળતા, બહેન સૌભાગ્યથી કંઇ!' આ સૂત્ર શ્રી જડાવબેનના જીવનમાં ચરિતાર્થ થયેલું જોવામાં આવતું હતું.

સં. ૨૦૨૪માં પોતાના સંતાનોને ત્યાં પણ સંતાનો જોઇ અત્યંત શાંતિ અને સમાધાનપૂર્વક તેઓ મૃત્યુ પામ્યા. શ્રી પ્રભુદાસભાઇ અને તેમના સુશીલ પત્ની શ્રી વિજયાકુંવર બહેને માતાને તીર્થસ્વરૂપ માની અપૂર્વ સેવા કરી અને કદાચ આ કારણે જ નાની ઉંમરમાં જ શ્રી પ્રભુદાસભાઇને ચારે તરફથી સફળતા અને લોકપ્રિયતા પ્રાપ્ત થયા છે.

શ્રી પ્રભુદાસભાઇના દાદા સ્વ. ભગવાનજી કાનજી મહેતા અત્યંત દીર્ઘદૃષ્ટા અને ભારે વ્યવહારકુશળ હતા. તેમને ચાર પુત્રો અને બે પુત્રીઓ. સૌથી મોટા કપુરચંદભાઈ, શ્રી રામજીભાઈ, શ્રી માનસિંગભાઇ અને શ્રી ત્રિભુવનભાઇ. બે પુત્રીઓ તે દિવાળીબેન અને શ્રી મણિબહેન. કુટુંબમાં સંપ અને ઐક્યતાના કારણે પિતાવિહોણાં સંતાનોને જે બિડંબના સહેવી પડે છે, તે શ્રી પ્રભુદાસભાઇને સહન ન કરવી પડી. સ્વ. કપુરચંદ મહેતાને સંતાનમાં એક જ પુત્રી હતા, જે આ સભાના પેટ્રન શ્રી હરસુખલાલ ભાઇચંદ મહેતાના માતુશ્રી થાય. આ બહેનનો ઈ. સ. ૧૯૫૦માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વર્ગવાસ થતાં જેનો આઘાત શ્રી કપુરચંદ મહેતાને મોટા પ્રમાણમાં થયો. તેમનું જીવન ત્યાગમય બની ગયું અને પાલીતાણામાં શેત્રુંજયની તલેટી નજીક એક મકાન લઈ ત્યાં જ રહતા હતા. પોતાના ભત્રિજા શ્રી પ્રભુદાસભાઈ પર અપૂર્વ રાગ અને સ્નેહશ્રી કપુરચંદ મહેતાએ ત્રણ વખત નવાણું જાત્રા કરી તેમજ પોતાના વતનથી ગિરનાર તેમજ શ્રી શેત્રુંજયના એમ બે સંઘો કાઢયા હતા. શ્રી શેત્રુંજય પર બે પ્રતિમાઓ બિરાજમાન કરી. આવા પિતા સમાન પ્રભુદાસભાઈના બાપા કપુરચંદભાઈ એકલા પાલીતાણામાં રહે, એ વાત પ્રભુદાસભાઈને ન રૂચી પોતાને વડીલની સેવાનો લાભ મળે તે માટે તેઓ શ્રી. કપુરચંદ બાપાને પોતાને વતન લઈ આવ્યા અને થોડા વરસો પહેલાં સમાધિપૂર્વક તેઓ મૃત્યુ પામ્યા. આ રીતે શ્રી કપુરચંદ મહેતાને પુત્ર ન હોવા છતાં એ પુત્રની ખોટ શ્રી. પ્રભુદાસભાઈએ પૂરી પાડી.

શ્રી પ્રભુદાસભાઈ કંડોરણામાં જ ચાર અંગ્રેજી સુધી અભ્યાસ કરી વડીલોના ધંધામાં જોડાઈ ગયા સં. ૧૯૯૫માં તેમના લગ્ન મોટીમારડ નિવાસી શ્રી. વિઠલજી મુલજી મહેતા (હાલ ધંધાર્થે કલકત્તામાં રહે છે)ના સુશીલપુત્રી વિજયાકુવરબહેન સાથે થયા. આ બહેને પોતાના પિયર તેમજ શ્વશુર બંનેની કીર્તિમાં વધારો કર્યો છે. સં. ૨૦૧૯ ની સાલમાં સુપ્રસિદ્ધ વકતા ગણિવર્ય શ્રી. ભુવનવિજયજી મહારાજ જ્યારે ત્યાં ચોમાસું હતાં ત્યારે આ બહેને માસ ક્ષમણનું મહાન તપ યુવાનવયે કર્યું હતું. આ ઉપરાંત વરસીતપની મહાન તપશ્ચર્યાની સાથો સાથ નવાણું જાત્રા કરવાનો અપૂર્વ લહાવો લીધો હતો. એ વખત ઉપધાનમાં બેસી ઉપધાન માળા પહેરેલી છે. એમને 'તપસ્વિની'નું બિરુદ આપી શકાય તેવું છે. તેઓ જેવા મહાન તપસ્વી છે તેવાજ શાંત, સ્વસ્થ અને સૌજન્યશીલ છે. બીજી નાની મોટી તપશ્ચર્યા તો તેના માટે હરહંમેશ ચાલુજ હોય છે.


શ્રી. પ્રભુદાસભાઇને એક મોટાભાઈ શ્રી. મનુભાઈ અને એક બહેન શ્રી. કસુંબાબેન છે જેમના લગ્ન ભાણવડમાં કર્યા છે. ગામ, જ્ઞાતિ તેમજ ચારે બાજુ શ્રી પ્રભુદાસ ભાઇનું સ્થાન વડલાના વિસામા જેવું છે. સખત તાપ વચ્ચે પણ વડલો છાયા આપે છે અને થાકેલાને શાંતિ આપે છે. આ વડલા જેવું જ કામ શ્રી પ્રભુદાસભાઇનુ છે. પોતાથી શકય હોય ત્યાં સુધી તમામનું કરી છૂટવું એ તેમના જીવનનો મુદ્રાલેખ છે. નાની ઉંમરમાં જ તેમણે વૃદ્ધાવસ્થાના ડહાપણ અને શાણપણ પ્રાપ્ત કર્યા છે

શ્રી. પ્રભુદાસભાઇને ત્રણ પુત્રો શ્રી. વિનોદભાઈ, શ્રી નરેન્દ્રકુમાર અને શ્રી. ઈન્દુકુમાર તેમજ બે પુત્રીઓ ચિ. નિર્મળા અને રસિલા બેન છે. બધા પુત્રોના લગ્ન થઈ ગયા છે. સં. ૨૦૦૦ ની સાલમાં તેમનું સંયુક્ત કુટુંબ વિભકત બન્યા પછી શ્રી. પ્રભુદાસભાઇએ પોતાનો સ્વતંત્ર ધધો શરૂ કર્યો. જામનગરમાં તેમનો 'અરિહંત' સ્ટોર છે, જેની પાસે મુંબઈની તાતામીલની એજન્સી છે. પોતાના વતનમાં પણ તેમનો કાપડ-કરિયાણાનો વેપાર છે. બધા પુત્રો પિતાના વ્યવસાયમાં જોડાઈ ગયા છે.

આવા એક ધર્મનિષ્ઠ અને સચ્ચરિત, સેવાભાવી શ્રી. પ્રભુદાસભાઇ આ સભા સાથે પેટ્રન તરીકે જોડાયાં છે એ પ્રસંગે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને અંતમાં તેમને દીર્ઘ અને તન્દુરસ્ત આયુષ્ય ઈચ્છી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ વૈશાખ .·. ઇ. સ. ૧૯૭૫ મે [ અંક : ૭

# શ્રી નવકાર સ્તવન

રચયિતા : ઉપા. શ્રી હેમચન્દ્રવિજયજીના શિષ્યમુનિ પ્રદ્યુમ્નવિજય.

(પ્રભાતવર્ણન)

જપીએ જપીએ નિશ્ચલ મનથી મંગલમય નવકાર,
ખપીએ ખપીએ ભવ ભવ સંચિત કર્મકુટિલ જંજાળ.
મનમંદિરમાં સુરમણિ સરખો સ્થાપો જો નવકાર,
નાસે જિમ રવિથી અંધારું તિમ નાસે સંસાર. જપીએ. ૧
નદીઓ સઘળી પર્વતમાંથી નીકળી દરિયે જાય,
વિદ્યા મંત્ર સકલ આ વિશ્વે તિમ નવકારે સમાય. જપીએ. ૨
અક્ષર અક્ષર અનંત શક્તિ સિદ્ધિ લબ્ધિ અપાર,
નિઃશંક શ્રદ્ધાથી નિત ભજીએ તજીએ દુઃખ ભરમાર. જપીએ. ૩
ભાર અલ્પ પણ મૂલ્ય અમૂલુ રત્ન પેટી સમ જાણો,
માનવ ભવની પૂર્ણ સફળતા એના ધ્યાને પ્રમાણો. જપીએ. ૪
રાજ્યઋધિ-સુખસંપદ પામ્યા સ્નેહભીનો પરિવાર,
નવકારેના ચિત્ત પરોવ્યું એળે ગયો અવતાર. જપીએ. ૫
સર્વ સવિ જીવતારક મંત્ર શિરોમણી દેવોનો આવાસ,
જપ્યો નહીં નવકાર એક જો તો રહ્યો ગરભાવાસ. જપીએ. ૬
મૈત્રી સ્થાનક જીવ ગણુ સાથે અનુચિત કર્યો વ્યવહાર,
નિંદી અનુમોદી સુકૃતોને ગ્રહો શરણ નવકાર. જપીએ. ૭
ષટ્માસી જો પૂર્ણ ભાવથી ગણે નવકાર ત્રિકાળ,
રોમરોમાં અપૂરવ વિલસે આત્માનંદ રસાળ. જપીએ. ૮
અનંત ભવમાં ક્યારે મળશે પ્રાણ ત્રાણ નવકાર,
મલ્યો અહીં તો જપો પ્રેમથી ટાળી સવિ જંજાળ. જપીએ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનેકાન્તવાદ અને પ્રભુની વાણી

પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ.એ. સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ

આચારમાં સંપૂર્ણ અહિંસા અને વિચારમાં અનેકાન્ત એ શ્રમણ ભગવાન મહાવીરના સમસ્ત જીવનનો અને તેમના ઉપદેશનો સંક્ષિપ્ત સાર છે. અનેકાંતની સત્યદષ્ટિ સમજ્યા વિના વિશ્વનું વિષમ વાતાવરણ દૂર થઈ શકે એમ નથી. વિશ્વમાં શાન્તિ અને મૈત્રીનું વાતાવરણ પેદા કરવું હોય તો વિશ્વે શ્રમણ ભગવાન મહાવીરની અહિંસા અને અનેકાન્ત દૃષ્ટિ સમજવી જ પડશે.

"જેણ વિણા તિહુવણસ્સ, વવહારો સવ્વહા ન વિજ્જઈ।
ણમો ભુવણેકગુરુણો, ભગવઓ ણેગન્ત વાયસ્સ॥"

જેનો આશ્રય લીધા વિના સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, એ ત્રણ ભુવનનો વ્યવહાર સર્વથા ચાલી શકતો નથી. એવા ત્રણ લોકના એક અદ્વિતીય સદ્દગુરુ ભગવાન અનેકાન્તવાદને (અમારા) નમસ્કાર હો! પુનઃ પુનઃ વંદન હો!

ભગવાન સ્યાદ્દવાદનુ શરણ લીધા વિના જગતનો લોકવ્યવહાર તૂટી પડે છે. જૈનદર્શન કહે છે કે સ્યાદ્દવાદ વિના આત્મા, કર્મ, પુનર્જન્મ, પુણ્ય–પાપ અને સુખદુઃખની સુવ્યવસ્થા એક જ આત્મામાં શી રીતે સંભવી શકે? કોઈપણ એકાન્તવાદના પક્ષમાં પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, બંધ, મોક્ષ અને સુખદુઃખની વ્યવસ્થા થઈ શકે તેમ નથી. અનેકાન્ત તત્ત્વદષ્ટિથી જ (જો) આત્માનું સત્યસ્વરૂપ જ્યાં સુધી પીછાની શકશો નહિ; ત્યાં સુધી આત્મામાં પુનર્જન્મ, ભવાની સંક્રમણ, આદિના તાત્ત્વિક ગહન પ્રશ્નોનો ઉકેલ લાવવો અતિ કઠિન છે.

પૂજ્યપાદ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય, ભગવાન મહાવીર પ્રભુની સ્તુતિ પ્રસંગે ભગવત્ પ્રણીત અનેકાંત તત્ત્વજ્ઞાનની પ્રશંસા કરતા કહે છે કે "હે નાથ! એકાન્ત અનિત્યવાદના પક્ષમાં એક જ આત્મામાં સુખ–દુઃખનું સંવેદન, પુણ્ય પાપનો ઉપભોગ અને બંધ–મોક્ષની વ્યવસ્થા કોઈ રીતે ઘટતી નથી. શીર્ણ–વિશીર્ણ થઈ જાય છે. જ્યારે સ્યાદ્દવાદનાં સિદ્ધાંતમાં એક જ આત્મામાં સુખ–દુઃખ આદિની વ્યવસ્થા બરાબર ઘટી જાય છે. તેથી અનેકાંત તત્ત્વદષ્ટિ જગતના સર્વદર્શનોમાં અદ્વિતીય છે, નિર્દોષ છે.

નૈકાન્તવાદે સુખ–દુઃખ ભોગૌ,
ન પુણ્ય પાપે ન ચ બન્ધ મોક્ષૌ॥

કેવળ એકાન્તવાદમાં સુખ–દુઃખ, પાપ–પુણ્ય અને બંધ–મોક્ષની વ્યવસ્થા કોઇ રીતે થઇ શકતી નથી.

સંસારવર્તી પ્રાણી–માત્રના જીવનમાં જે સુખ–દુખ અનુભવાય છે, તે સુખ–દુઃખનો ઉપભોગ એકાન્તવાદમાં કેમ ઘટી શકતો નથી. તે વાત આ શ્લોકાર્ધમાં બતાવી છે. પ્રત્યેક પ્રાણીના આત્મામાં સુખ–દુઃખનું જે પ્રત્યક્ષ સંવેદન થાય છે, તે કોઇ વાદી–પ્રતિવાદીથી ના પાડી શકાય તેમ નથી, કારણકે સર્વના પ્રત્યક્ષ અનુભવનો તે વિષય છે. એકાન્ત નિત્યવાદી વેદાન્ત મતાવલમ્બીઓ તથા સાંખ્યવાદીઓ આત્માને કુટસ્થ અપરિણામી નિત્ય માને છે. તેઓના મતમાં નિત્યનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે.

'अप्रच्युतानुत्पन्न स्थिरैकरूपं हि नित्यम् અર્થાત્

જેનો કદાપિ વિનાશ થયો નથી, જે કદિ ઉત્પન્ન થયું નથી. ત્રણ કાળમાં જે સ્થિર સ્વભાવયુક્ત છે તેને નિત્યવાદીઓ નિત્ય કહે છે એકાન્ત ધ્રુવવાદીઓને સંબોધીને અહીં જૈન દર્શનના આચાર્યો દલીલ કરે છે કે, ઓ સુખાભિલાષી નિત્યવાદીઓ! પર્યાયદષ્ટિએ ક્રમભાવિ અવસ્થાની અપેક્ષાએ પણ જો આત્મામાં ધ્રુવતાની સાથોસાથ અનિત્યતા નહિ સ્વીકારો તો ચેતનાત્મામાં પ્રતિક્ષણ પ્રત્યક્ષસિદ્ધ સુખ અને દુઃખનું સંવેદન થાય છે અને સંકલ્પ–વિકલ્પના તરંગો ઉઠે છે તેના ઉપભોગની વ્યવસ્થા શી રીતે ઘરી શકશે? કારણ કે તમે નિત્યવાદીઓએ આત્માને અપરિણામી કુટસ્થ નિત્ય માનેલ છે. સંસારી જીવાત્માઓને સુખ અને દુઃખનું પરિવર્તન રેંટચકની જેમ થયા કરે છે. તેનો આબાલ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધો પણ સાક્ષાત્ અનુભવ કરે છે. આત્મામાં પરિણામ અવસ્થાઓનું પણ જો પરિવર્તન નહિ માનો તો સર્વાનુભવસિદ્ધ સુખ-દુઃખાદિનું સંવેદન કોઈપણ રીતે ઘટી શકશે નહિ. જ્યારે કોઈપણ એક આત્મા સુખનો અનુભવ કરીને સ્વકર્મ કારણ સામગ્રીવશાત્ દુઃખ ભોગવે છે તથા કોઈ જીવ દુઃખને ભોગવીને. શુભકર્મવશાત્ સુખનું સંવેદન કરે છે. ત્યારે એક જ આત્મામાં અવસ્થા ભેદ થવાથી સ્વભાવનો ભેદ થવાથી, અનિયત્વ આપતિ એકાંત નિત્યવાદીઓને આવશે. લાભને ઈચ્છતા તમે મૂળગી મૂડીને ગુમાવી બેસશો. નિત્ય આત્મામા અનિત્યતાનું ભૂત પેસી જશે; તેને કાઢવું મુશ્કેલ થઈ જશે.

ભગવાન મહાવીરસ્વામીએ વારંવાર આગમોમાં ઉપદેશ આપ્યો છે કે– મનુષ્યદેહ મળ્યા પછી પણ મનુષ્યને ' મનુષ્યત્વ ' સત્શાસ્ત્રનું શ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમની શક્તિ એ ચાર અંગ મળવા અતિ દુર્લભ છે. આગળ ફરમાવે છે કે જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છૂટી શકતો હોય અથવા જે જાણતો હોય કે હુ મરીશ નહિ, તેજ ખરેખર આવતી કાલ ઉપર વિશ્વાસ રાખી શકે છે. આ માટે મહાભારતમાં એક ઉદાહરણ જોવા મળે છે. એક વખત પાંચ પાંડવો અને શ્રી કૃષ્ણ બેઠા હતા. તે સમયે એક યાચક યાચના કરવા આવ્યો ત્યારે ધર્મરાજાએ કહ્યું કે ભાઈ, આવતી કાલે આવજે હું તને તારી ઈચ્છા મુજબ દ્રવ્ય આપીશ. આ પ્રમાણે ધર્મરાજાનું વચન સાંભળી ભીમે ઉભા થઈ વિજય દુંદુભી જોરથી વગાડવાનું શરૂ કર્યું. બધા વિચારવા લાગ્યા કે ભીમને આ શું થયું ? વિજય દુંદુભી વગાડવા લાગ્યો ત્યારપછી મહામહેનતે તેને વગાડતા બંધ કરી ધર્મરાજાએ પૂછ્યું કે હે ભીમ ! તું શા માટે નગારૂં વગાડતો હતો ? ભીમે જવાબમાં કહ્યું કે ધર્મરાજાએ મૃત્યુ ઉપર વિજય મેળવી લીધો છે તેની ખુશાલીમાં વગાડતો હતો. આથી તરતજ ધર્મરાજાને પોતાની ભૂલ સમજાઈ જાય છે અને તરતજ યાચકને બોલાવી તેની ઈચ્છાનુસાર દ્રવ્ય આપે છે. કહેવાનો આશય એ છે કે જેણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો હોય તેજ આવતી કાલ ઉપર ધર્મનું કાર્ય છોડી શકે છે. માનવભવ મળવો દુર્લભ છે. આ ભવને જો વેડફી નાખીશું તો પછી પસ્તાવાનો વારો આવશે તેથી ભગવાન વારંવાર શ્રી ગૌતમને કહે છે કે **હે गोयम ! मा पमय।** ક્ષણનો પણ પ્રમાદ ન કર. આવી અમરવાણી આપણે જીવનમાં ઉતારીએ તોજ ભગવાને પ્રબોધેલો અનેકાન્તવાદ અને તેમના શાસ્ત્રોની અમૃતવાણી આપણને ઉપયોગી થઈ શકે.

## દુશ્મનનો નાશ
## એક સરસ પદ્ધતિ

—હું મારા દુશ્મનોનો નાશ કરવા એક સરસ પદ્ધતિ અજમાવું છું. એ પદ્ધતિ છે. હું મારા દુશ્મનોને મારા મિત્ર બનાવી લઉં છું.

—અબ્રાહમ લિંકન

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રો નામાન્તરો અને વિષય વૈવિધ્ય

લે૦—હિરાલાલ ર. કાપડિયા

(જાન્યુઆરી-૭૫ પૃષ્ટ ૪૦ થી ચાલુ)

૫૪. પાક્ષિક અતિચાર.

જ્ઞાનાચારાદિ પાંચ આચાર સૂચવનાર અતિચાર—

વિચારણ-ગાથાના પ્રથમ પદ્યથી પ્રારંભ અને પાંચે આચારો અંગેના [1]અતિચારો અંગે ત્રિવિધ 'મિચ્છા મિ દુક્કડં'.

જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારને લગતી એકેક ગાથા અતિચારમાંથી આપી તેનું [2]વિવરણ. પ્રસંગોપાત્ત જ્ઞાનોપકરણનો ઉલ્લેખ, સિદ્ધાન્તો તરીકે દશવૈકાલિક, સ્થવિરાવલી, પડિક્કમણ અને ઉપદેશમાલાનો નામ નિર્દેશ તેમ જ અષ્ટ ૫૬ મુખકોશનો ઉલ્લેખ.

સમ્યક્ત્વના તેમ જ બાર વ્રતોના અને સંલેખનાના અતિચારોની રૂપરેખા :

આ માટે 'વન્દિત્તુ' સૂત્રની ગા. ૬, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૬, ૩૦ અને ૩૩ એમ ૧૧ ગાથાઓ ઉધ્ધૃત કરી તેનું કરાયેલું વિવરણ.

[[3]અજૈન દેવો, [4]સાધુઓ અને પર્વોનો ઉલ્લેખ]

તપાચારના બાહ્ય અને આભ્યંતર ભેદો માટે અતિચારની ગાથા ૬ અને ૭ ઉધ્ધૃત કરાઈ છે, જ્યારે વીર્યાચાર માટે ગા. ૮ આપી તેનું વિવરણ કરાયું છે.

[5]**नाणाइ-अट्ठ**થી શરૂ થતી ગાથા દ્વારા જ્ઞાનાચારાદિ ત્રણના આઠ આઠ કે બાર વ્રતો, સમ્યક્ત્વ અને સંલેખના પૈકી પ્રત્યેકના પાંચ પાંચ, પંદર કર્માદાનના પંદર, બાર પ્રકારના તપના બાર અને વીર્યાચારના ત્રણ, એમ કુલ્લે ૩×૮+૧૪×૫+૧૫+૧૨+૩=૧૨૪ અતિચારોની ગણના.

'વન્દિત્તુ', સૂત્રની ૪૮ મી ગાથા અને એનું વિવરણ ૧૮ પાપસ્થાનકોનાં નામો અને અંતમાં ૧૨૪ અતિચારો અંગે 'મિચ્છામિ દુક્કડં', પ્રસ્તુત પાક્ષિક અતિચારમાં નિમ્નલિખિત પંક્તિ ૨૨ વાર જોવાય છે:—

"જે કોઈ અતિચાર પક્ષ દિવસ માંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિહુ મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં"

આ પહેલી અને છેલ્લી વારની પંક્તિમાં શરૂઆતમાં 'અનેરો' શબ્દ નથી. બાકીની વીસે પંક્તિઓના પ્રારંભમાં 'અનેરો' શબ્દ છે. 'મિચ્છામિ દુક્કડં'નો પ્રયોગ આ કૃતિમાં ૨૨ વાર કરાયો છે.

---

૧. આના સૂક્ષ્મ અને સ્થૂળ એમ બે પ્રકારો દર્શાવાયા છે પરંતુ બેમાંથી એકેનો અતિચાર ગણાવાયા નથી. એ કાર્ય તો આગળ ઉપર કરાયું છે.

૨. એમાં 'કાજો' શબ્દ 'કજ્જવ' દેશ્ય શબ્દમાંથી બન્યો છે. 'માતરું'નું મૂળ પેશાબ વાચક દેશ્ય શબ્દ 'મત્તગ' માટેના સંસ્કૃત શબ્દ 'માત્રક'માં હોવાનું હાલ તુરત તો સૂચવું છું.

૩. આમાં ગોગો અને જીહાઊલાનો ઉલ્લેખ છે. ગોગો એટલે 'નાગદેવ' એવો અર્થ કરાયો છે પણ તે માટે આધાર દર્શાવાયો નથી.

૪. અમાં હરવેશ માટે પાઠાંતર તરીકે દૂરવેશ દરવેશના અને પાઠાંતર પ્રમાણે દૂરવેશનો ઉલ્લેખ છે.

૫. આ ગાથાનું મૂળ તેમ જ એના પ્રણેતા પૈકી એકેનો નિર્દેશ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૫ સંતિકર= [1]સંતિનાહ સંતિનાહસમ્મદ્દિટ્ઠિરક્ષા= શાન્તિનાથ સમ્યગ્દૃષ્ટિ રક્ષા= શાન્તિ

શાન્તિ કરનારા, જગત્‌ને શરણારૂપ, જય અને શ્રી આપનારા અને ભક્તોનું પાલન કરનારા નિર્વાણી અને ગરુડથી સેવા કરાયેલા એવા તીર્થંકર શાન્તિનાથનું સ્મરણ

વિપ્રુડ્-ઔષધિ (નામની લબ્ધિ) શ્લેષ્મૌષધિ અને સર્વૌષધિ ઈત્યાદિ પ્રાપ્ત કરનાર, તથા સર્વે ઉપદ્રવો અને પાપના નાશક એવા શાન્તિનાથને **ॐ नमः, झ्रौं स्वाहा सौं ह्रीं नमः** એવા મંત્રાક્ષરોપૂર્વક કરાયેલા નમસ્કારનું ફળ તેમજ શ્રી અર્થાત્ લક્ષ્મી.

[2]વાણી ( સરસ્વતી ) [3]ત્રિભુવનસ્વામિની, [4]શ્રી દેવી અને [5]યક્ષરાજ ગણિપિટક, ગ્રહો, દિક્પાલો અને ઇન્દ્રોને જિનભક્તોની સદા રક્ષા કરવાનું સૂચન.

રોહિણી વગેરે ૧૬ ( વિદ્યા ) દેવીઓનો ઉલ્લેખ અને રક્ષણ માટે પ્રાર્થના.

૨૪ યક્ષોનાં ગોમુખ ઈત્યાદિ નામો. ૨૪ યક્ષિણીઓ અર્થાત્ શાસન દેવીઓનાં નામો.

તીર્થનું રક્ષણ કરવામાં તત્પર એવો અન્ય ચાર પ્રકારનાં દેવો અને દેવીઓ, [6]શ્વેતરો, યોગનીઓ ઈત્યાદિને અમારા રક્ષણ માટે અભ્યર્થના.

મુનિ સુન્દરસૂરિએ જેમનો મહિમાની સ્તુતિ કરી છે એવા શાન્તિ જિનચન્દ્ર સમ્યગ્દૃષ્ટિ દેવો સહિત સંઘનું અને મારું પણ રક્ષણ કરો એવી અભિલાષા.

પ્રસ્તુત કૃતિના ત્રિકાળ સ્મરણનું ફળ—ફલશ્રુતિ.

સોમસુન્દરસૂરિના પ્રસાદથી ગણધર વિદ્યા યાને સૂરિ મન્ત્ર સિદ્ધ કરનાર એમના શિષ્ય (મુનિ સુન્દરસૂરિ)નો પ્રણેતા તરીકે નિર્દેશ.

આ પ્રમાણે તપાગચ્છીય શ્રાવકોના પ્રતિક્રમણનાં સૂત્રો જે ૫૫ ગણાવાય છે તેને લગતા વિષયો સંક્ષેપમાં મેં દર્શાવ્યા છે. [7]મુહપત્તિ–પડિલેહણના ૫૦ બોલો તપાગચ્છીઓને અને ખરતરગચ્છીયોને પણ જે માન્ય છે તે પણ એક અપેક્ષાએ 'સૂત્ર' ગણાય એનો વિચાર કરાય તે પૂર્વે હું ખરતર, અંચળ અને પાયચંદ ગચ્છના અનુયાયી શ્રાવકોનાં જે સૂત્રો ઉપર્યુક્ત સૂત્રોથી ભિન્ન છે તેનું ઉપર પ્રમાણે હું નિરુપણ કરીશ એટલું સૂચવતો આ લેખમાળા હાલ તુરત તો હું પૂર્ણ કરું છું.

૧. આ માટે જુઓ ૧૩મી ગાથા.

૨–૫. આ અનુક્રમે સૂરિમન્ત્રની પાંચ પીઠો પૈકી પહેલી ત્રણની અધિષ્ઠાયિકાઓ અને ચોથી પીઠના અધિષ્ઠાયક છે. પાંચ પીઠોનાં નામો ' પીઠ ' શબ્દને બાજુએ રાખતાં નીચે મુજબ છે :–

વિદ્યા, મહાવિદ્યા, ઉપવિદ્યા, મન્ત્ર અને યન્ત્રરાજ.

૬ આનો ચાર પ્રકારના દેવોમાં સમાવેશ થાય છે તો પછી એનો સ્વતંત્ર ઉલ્લેખ કેમ ?

૭. આ નામ મેં યોજ્યું છે કેમકે ' મુહપત્તિ પડિલેહણ 'ના બે અર્થ અત્ર અભિપ્રેત છે : મુહપત્તિનું પડિલેહણ (પ્રતિલેખન) અને મુહપત્તિ વડે શારીરિક અવયવોનું પડિલેહણ. બંને પ્રતિલેખન અંગે પચ્ચીસ પચ્ચીસ બોલ છે. આમ હોઈ ' મુહપત્તિના પચાસ બોલ ' નામ મને ચિન્ત્ય જણાય છે. આવું નામ કયારથી પ્રચલિત બન્યુ તેની તપાસ થવી ઘટે. 'અંચલ' ગચ્છીયો આ પચાસ બોલોને બદલે પાંચ પ્રાકૃત ગાથાઓ બોલે છે. એની એંસીએક વર્ષ કરતાં અધિક પ્રાચીનતા કેટલી તે અદ્યાપિ મારા જાણવામાં આવી નથી. એનું મૂળ કોઇ જણાવવા કૃપા કરશે તો તેની હું સાભાર નોંધ લઈશ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## દેના બેંક કૅશ સર્ટિફિકેટ્સ :
## આપની બચતને લગભગ ત્રણગણી કરવાનો સરળ માર્ગ

દેના બેંક ૧૦-વર્ષીય કૅશ સર્ટિફિકેટ્સમાં રૂ. ૩૮.૫૫ રોકો અને પાકતી મુદતે રૂ. ૧૦૦ મેળવો.

કૅશ સર્ટિફિકેટ્સ, આકર્ષક વિક્રય કિંમતે, ૩ વર્ષ, ૪ વર્ષ અને ૬ વર્ષના વધુ ટૂંકા ગાળા માટે, રૂ. ૧,૦૦૦, રૂ. ૫,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ના મોટા આંકમાં પણ મળે છે.




દેના બેંક આપને માટે બીજી બચત યોજનાઓ પણ પ્રસ્તુત કરે છે, જેમાં આપ ૧૭% જેટલા ઊંચા દરનું વ્યાજ મેળવી શકો છો.

વધુ માહિતી માટે આપની નજીકની **દેના બેંક** શાખાની મુલાકાત લો અને આપમેળે આપનાં નાણાંને ઉત્તરોત્તર વધવા દો.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ
મુંબઈ ૪૦૦ ૦૨૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ

—પં. લાલચંદ્ર ભગવાન ગાંધી

" जयइ जग-जीव-जोणि-वियाणओ जग-गुरूजगाणंदो।
जग-णाहो जग-बंधू, जयइ जग-पियामहो भयवं ॥१॥

जयइ सुयाणं पभवो, तित्थयराणं अपच्छिमो जयइ।
जयइ गुरु लोगाणं, जयइ महप्पा महावीरो ॥२॥

—શ્રીનંદીસૂત્રના મંગલાચરણમાં શ્રીદેવવાચકજી

ભાવાર્થ:—જગતના જીવોનાં ઉત્પત્તિ-સ્થાનોને વિશિષ્ટ પ્રકારે જાણનાર, જગતના ગુરુ (જગતને તત્ત્વજ્ઞાન આપનાર), જગતને આનંદ આપનાર, જગતના નાથ (જગતના જીવોનું રક્ષણ કરનાર) જગતના બંધુ સમાન, જગતના પિતામહ (ધર્મ પિતા), ભગવાન જયવંતા વર્તે છે.[1]

શ્રુત-શાસ્ત્રો-આગમોના ઉત્પત્તિસ્થાનરૂપ (અર્થથી કથન કરનાર) તીર્થંકરોમાં છેલ્લા (૨૪મા), લોકોના ગુરૂ (ત્રણે લોકોના ગુરુ) મહાત્મા મહાવીર જયવંતા વર્તે છે.[2]

ભગવાન મહાવીર સિદ્ધ, બુદ્ધ, સર્વ કર્મોથી મુક્ત થઈ નિર્વાણપદ પામ્યા, તેનું આ ૨૫૦૦મું વર્ષ છે. અઢી હજાર વર્ષો પહેલાં, ૭૨ વર્ષો પહેલાં વિશ્વ-વત્સલ વિશ્વ-બંધુ શ્રીવર્ધમાન ભગવાન મહાવીરનો જન્મ પૂર્વ દેસના ક્ષત્રિયકુંડ નગરમાં, મહારાજા સિદ્ધાર્થને ત્યાં, ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિથી ચૈત્રશુકલ-ત્રયોદશીના થયો હતો.

માતા-પિતાને કલેશ ન થાય, એ હેતુથી 'માતા-પિતાની વિદ્યમાનતામાં હું પ્રવ્રજિત નહિ થાઉં' એવો અભિગ્રહ માતાની કુક્ષિમાં રહેલા મતિ, શ્રુત, અવધિજ્ઞાની ૭ મહિનાના બાલકે અભિગ્રહ લઈ અનુપમ માતૃ-ભક્તિ દર્શાવી હતી. માતા-પિતા સ્વર્ગવાસી થયા પછી તે અભિગ્રહ પૂર્ણ થતાં વડીલભાઈ નંદિવર્ધન પાસે અનુમતિ માગતાં તેમના આગ્રહથી બે વર્ષ વધારે રોકાઈ શ્રીવર્ધમાને રાજ્યઋદ્ધિ-સમૃદ્ધિનો ત્યાગ કરી વર્ષીદાન આપી, ૩૦ વર્ષની વયે પ્રવ્રજ્યા સ્વીકારી હતી. લગભગ સાડાબાર વર્ષોની સાધક દશામાં ભગવાન મહાવીરે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી, એ વર્ષોમાં માત્ર ૩૪૯ દિવસો જ પારણાં કર્યાં હતાં. ભગવાન મહાવીરે એ સાધનાના સમયમાં ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ ભયંકર ઝેરી સર્પના, કાનમાં ખીલા ઠોકનાર ગોવાળીઆના, અને સંગમ જેવા દુષ્ટ દેવના ભયંકરમાં ભયંકર ઉપસર્ગો અને પરીષહો (ભૂખ, તરસ ટાઢ, તડકો, વરસાદ વગેરે) સમભાવથી સહન કર્યા હતા. સાધ્ય-સિદ્ધ માટે એકાન્તમાં ખડે પગે ઉભા રહી ધ્યાન ધરતા ભગવાનને તેમની ધ્યાનસ્થ દશામાંથી કોઈ ચલાયમાન કરી શક્યું ન હતું.

અનુપમ ઉત્કૃષ્ટ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા-નિસ્પૃહતા આદિ ઉત્કૃષ્ટ શ્રમણધર્મનું આરાધન કરતાં ૪૨ વર્ષની વયે ઋજુવાલુકાનદી-કાંઠે વૈશાખ શુ. ૧૦ના ભગવાન મહાવીરને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રકટ થયું હતું. ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી થયા. જગતનો કોઈ ભાવ તેમનાથી અજાણ્યો ન હતો. દેવોએ, દાનવોએ અને માનવોએ તેમનો મહિમા કર્યો હતો. ભગવાનને ૩૪ અતિશયો પ્રકટ થયા હતા. દેવોએ સોના, રૂપા અને રત્નના ત્રણ ગઢની, સમવસરણની-વિશિષ્ટ વ્યાખ્યાનપીઠની રચના કરી. ભગવાન મહાવીરે અપાપાપુરી, (પાવાપુરી)માં પધારી, વૈ. શુ. ૧૧થી અઢાર દેશભાષા સાથે સંબંધ ધરાવતી અર્ધમાગધીભાષા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વારા ધર્મ-દેશનાનો પ્રારંભ કર્યો. ભગવાનની વાણી પાંત્રીશ ગુણોવાળી હતી, તેને દેવો દૈવી ભાષામાં, માનવો માનવી ભાષામાં, શબરો શબરની ભાષામાં, તિર્યંચો તેમની ભાષામાં સમજતા હતા, તેવો ભગવાનનો અતિશય-પ્રભાવ હતો. ભગવાનની ધ્વનિ એક યોજન સુધી સંભળાતી હતી.

ગૌતમ ગોત્રવાળા ઇન્દ્રભૂતિ જેવા સમર્થ સર્વજ્ઞ જેવા ઉત્કૃષ્ટ ૧૧ વિદ્વાનો, ૪૪૦૦ જેટલા શિષ્યો સાથે પોત પોતાના સંશયોનું નિવારણ થતાં ભગવાન પાસે પ્રવ્રજ્યા સ્વીકારી, ભગવાનના પટ્ટધરો-ગણધરો થયા હતા, તેઓએ ત્રિપદી દ્વારા ભગવાનના અર્થ-કથનને લક્ષ્યમાં લઇ તાત્કાલિક આચારાંગ વગેરે દ્વાદશાંગી સૂત્રોની રચના કરી હતી. ભગવાન મહાવીરે તીર્થની, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

ભગવાન મહાવીરે જીવનનાં છેલ્લાં ૩૦ વર્ષો સુધી અવિચ્છિન્ન ધારાએ ઉપદેશ-ધારા વરસાવી હતી. મગધદેશના અધિપતિ મહારાજા શ્રેણિક જેવા કેટલાય રાજા-મહારાજાઓ, રાજકુમારો (મેઘકુમાર, અભયકુમાર વગેરે) રાજકુમારીઓ, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો પ્રતિબોધ પામ્યા હતા. કેટલાકે સાધુધર્મ સ્વીકાર્યો હતો, બીજા કેટલાંકે શ્રાવકધર્મ સ્વીકાર્યો હતો. ભગવાન મહાવીરના ૧૦ શ્રમણોપાસકો-શ્રાવકો આનંદ કામદેવ વગેરે મુખ્ય હતા, તેમનો પરિચય ૭મા અંગ-'સમણોવાસગદસા' દ્વારા મળે છે. રાજકુમારી વસુમતી, જે ચંદનબાલા નામથી પ્રસિદ્ધ છે, જેણે અડદના બાકળા વહોરાવી ભગવાનનો છમાસી તપ-અભિગ્રહ પૂર્ણ કર્યો હતો, તે ભગવાનની મુખ્ય સાધ્વી પ્રવર્તિની થઇ હતી. દૃઢ સમ્યક્ત્વ-વાસિત સુલસા અને ભગવાનને ઔષધ-દાન આપનારી રેવતી શ્રાવિકા, તથા ભગવંતને પ્રશ્નો પુછનારી જયંતી શ્રાવિકા શ્રાવિકાઓમાં મુખ્ય હતી.

પૂર્વાચાર્યોએ પૂજ્ય દેવનાં લક્ષણો દર્શાવ્યાં છે. 'સર્વજ્ઞ હોય, રાગ, દ્વેષ આદિ દોષોને જિતનાર હોય, ત્રણે લોકોથી પૂજિત હોય, યથાસ્થિત અર્થ-પદાર્થ-તત્ત્વનું કથન કરનાર હોય'—એ અર્હન્ દેવ (મહાવીર) પરમેશ્વર છે. આ જ દેવ, ધ્યાન કરવા યોગ્ય છે, ઉપાસના કરવા યોગ્ય છે, શરણ કરવા યોગ્ય છે. જો ચેતના હોય, તો એમનું શાસન સ્વીકારવા યોગ્ય છે.

## સાધુ-ધર્મ-પાંચ-મહાવ્રતો

સાધુ-ધર્મ સ્વીકારનાર વ્યક્તિએ (પુરુષે અને મહિલાએ) પાંચ મહાવ્રતો પાલન કરવા માટે પાંચ પ્રતિજ્ઞાઓ, પંચ સમક્ષ (અરિહંતોની સાક્ષીએ, સિદ્ધોની સાક્ષીએ, સાધુ દેવ અને આત્માની સાક્ષીએ) સ્વીકારવાની હોય છે.

(૧) સર્વ પ્રકારના સૂક્ષ્મ અને સ્થૂલ જીવોના પ્રાણાતિપાતથી વિરમણ (એકેન્દ્રિયથી-પૃથ્વીકાય, અપૂકાય તેજસ્કાય વાયુકાય અને વનસ્પતિકાય તથા બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના કોઈ પણ પ્રાણીની હિંસા મનથી, વચનથી અને કાયાથી ન કરવાની, ન કરાવવાની અને કોઈ હિંસા કરે, તેને અનુમતિ ન આપવાની) હોય છે.

(૨) તેવી રીતે સર્વ પ્રકારના મૃષાવાદ-વિરમણની=અસત્ય વચનના ત્યાગની.

(૩) " " " " અદત્તાદાન- " =ચોરીના ત્યાગની.

(૪) " " " " મૈથુનથી " બ્રહ્મચર્ય-પાલનની.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫) તેવી રીતે સર્વ પ્રકારના પરિગ્રહથી-વિરમણની=ધન, ધાન્ય, સોનું, રૂપું, બીજી ધાતુઓ, ઘર, ખેતર, દાસ-દાસી, પશુઓ વગેરે નવ પ્રકારના પરિગ્રહના ત્યાગની પ્રતિજ્ઞા.

તે ઉપરાંત ( ૬ ઠ્ઠા ) રાત્રિ-ભોજન-વિરમણની=રાતે અશન, પાન, ખાદ્ય સ્વાદ્ય ચારે પ્રકારના આહાર-ત્યાગની પ્રતિજ્ઞા.

એ સિવાય. પાંચ સમિતિ (ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વગેરે), તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ-૩ ગુપ્તિઓ પાળવાની હોય છે.

શ્રાવક ધર્મ:—બાર વ્રતો (૫ અણુવ્રતો, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતો)

સાધુઓનાં મહાવ્રતોની અપેક્ષાએ શ્રાવકોનાં ૫ વ્રતો અણુવ્રતો ગણાય છે. એમને સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ અર્થાત્ એન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સ્થૂલ જીવોની હિંસા ન કરવાની, ન કરાવવાની પ્રતિજ્ઞા હોય છે. વિના અપરાધે કોઇની હિંસા ન કરવાની હોય, આજીવિકા માટે, વેપાર-ધંધા માટે, જેમાં વધારે હિંસા-આરંભ-સમારંભ ન હોય, તેવી મર્યાદિત પ્રવૃત્તિ કરવાની હોય છે.

બીજું અણુવ્રત-સ્થૂલ મૃષાવાદ-વિરમણ તથા ત્રીજું સ્થૂલ અદત્તાદાન-વિરમણવ્રત પાળવાનું હોય છે. ચોથા અણુવ્રતમાં તેઓએ સ્વદારા-સંતોષ અને પરસ્ત્રીગમન-વિરમણ વ્રત પાળવાનું હોય છે.

પાંચમા અણુવ્રતમાં તેઓએ પરિગ્રહનું પરિમાણ કરવાનું હોય છે. ન્યાયોપાર્જિત પોતાના દ્રવ્યને ૭ ક્ષેત્રો (જિનબિંબ, જિન-ભવન, જિન-આગમ તથા સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા)માં ભક્તિથી વાવવાનું હોય છે, તથા દયા વડે દીન, અનાથ વગેરેમાં દ્રવ્ય-વ્યય કરવાનું હોય છે.

૩ ગુણવ્રતોમાં—(૬) દિગ્વિરમણવ્રત (૭) ભોગોપભોગ-પરિમાણવ્રત (૮) અનર્થદંડ-વિરમણવ્રત.

૪ શિક્ષાવ્રતોમાં—(૯) સામાયિકવ્રત (૧૦) દેશાવકાશિકવ્રત (૧૧) પૌષધવ્રત (૧૨) અતિથિ-સંવિભાગ વ્રત પાળવાનાં હોય છે.

આ સંબંધમાં વિશેષ જિજ્ઞાસુઓએ શ્રીહેમચંદ્રાચાર્યે રચેલ સ્વોપજ્ઞ વિવરણ સાથેનું યોગશાસ્ત્ર વાંચવું જોઈએ.

ભગવાન મહાવીરનાં ચરિત્રો તથા ઉપદેશો, ગણધરોએ આગમોમાં, તથા પૂર્વાચાર્યોએ પ્રાકૃતમાં તથા સંસ્કૃતમાં રચ્યાં છે. ભદ્રબાહુસ્વામી જેવા ચૌદ પૂર્વધરે કલ્પસૂત્રમાં તથા વિ. સંવત ૯૨૫ લગભગમાં શીલાચાર્યે પ્રાકૃત ચોપન મહાપુરુષોના ચરિત્રોમાં ભગવાન મહાવીરનું ચરિત્ર દર્શાવ્યું છે. વિ. સં. ૧૧૩૯માં ગુણચંદ્ર ગણિએ પ્રાકૃતમાં બારહજાર શ્લોક પ્રમાણ તથા નેમિચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૪૧માં ત્રણહજાર શ્લોક-પ્રમાણ તથા શ્રીહેમચન્દ્રાચાર્યે સંસ્કૃતમાં ૭ હજાર શ્લોક પ્રમાણ મહાવીર-ચરિત્રો (ત્રિ. શ. પુ. ચરિત્ર ૧૦ મું પર્વ) રચ્યાં છે

ભગવાન મહાવીર, એ કોઇ સંકુચિત વર્તુલના ન હતા તેઓ તો વિશ્વોપકારક વિશ્વ-વિભૂતિ મહાન આત્મા હતા. સમગ્ર જગતના, ત્રણે લોકોના ગુરુ હતા. માત્ર માનવોની જ નહિ, જગતના કોઈપણ પ્રાણીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંસા ન થાય, જગતના સર્વ જીવો મૈત્રીભાવથી વર્તે કોઈ કોઈનો વધ ન કરે-હત્યા ન કરે, કદર્થના ન કરે, કોઇ કોઇને ક્લેશ, કષ્ટ ન આપે, જગતમાં અહિંસા-અમારી પળાય, જગતના જીવોને અભયદાન અપાય-એમ માનતા હતા. પોતે તેવું વર્તન કરતા હતા અને તેવો ઉપદેશ આપતા હતા. જગતના સર્વે જીવો જીવવાની ઇચ્છા રાખે છે, મરવાનું કોઈ ઈચ્છતું નથી. જગતના જીવો સુખ ઇચ્છે છે, દુઃખ કોઈ ચાહતું નથી, જેમ આપણને સુખ ઈષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે, તેમ બીજા જીવોને પણ હોય છે. યજ્ઞમાં હિંસા થાય-બકરા વગેરેનું બલિદાન અપાય, અથવા દેવ-દેવોને સંતુષ્ટ કરવા માટે જીવોની હિંસા થાય, વિઘ્ન-શાંતિ કરવા માટે જીવ-હિંસા થાય-એ યોગ્ય નથી. શિકાર માટે કે માંસાહાર માટે જીવ-હિંસા થાય-એ પણ યોગ્ય નથી. માંસાહાર કરવો-એ ઉચિત નથી. આપણને સહજ કાંટો ભોંકાયો હોય, તો અત્યન્ત દુઃખ થાય છે, તો દારુણ ભયંકર પ્રહરણોથી-હથિયારોથી જીવોની હત્યા-કતલ થાય, તેમને કેટલું દુઃખ થાય! ભગવાન મહાવીરે જગતના ભલા માટે, સર્વ જીવોના શ્રેય-કલ્યાણ માટે, વિશ્વશાંતિ માટે વિશ્વ-મૈત્રીનો-અહિંસાનો અમોઘ ઉપાય દર્શાવ્યો છે. હિંસા છે, ત્યાં ભય છે, ત્રાસ છે, ક્લેશ છે, દ્વેષ છે, વેર છે, અવિશ્વાસ છે, અશાન્તિ છે અને અહિંસા છે ત્યાં નિર્ભયતા છે, ત્રાસ-રહિતતા, ક્લેશ-રહિતતા છે, દ્વેષ-રહિતતા, અવૈર છે, વિશ્વાસ છે અને શાન્તિ છે.

પરમ ઉપકારી ભગવાન મહાવીર પ્રત્યે સર્વ કોઈ યથાશક્તિ કૃતજ્ઞતા દર્શાવી શકે છે. ભગવાન મહાવીરનું સન્માન-પૂજન, તેમના સદુપદેશને અનુસરી કરવું ઘટે; અહિંસા પ્રવર્તાવીને, ઘોર ક્રૂર હિંસાઓ અટકાવીને, ક્રૂર હિંસાનાં સ્થાનો-કતલખાનાંઓ બંધ રખાવીને, જલચર જીવોને ત્રાસ આપનાર મત્સ્ય-વ્યવસાય પ્રવૃત્તિઓ બંધ રખાવીને, મરઘાં ઉછેર-ઇંડાનો આહાર-પ્રચાર ઉત્તેજનો અટકાવીને, માંસાહાર-મત્સ્યાહાર વગેરે અભક્ષ્ય આહાર અટકાવીને, શિકારથી પશુ-પક્ષીઓને થતો ત્રાસ બંધ કરાવીને, અપેય મદિરા-પાન વગેરે માદક પદાર્થોનો પ્રચાર, ઉત્તેજનો, પ્રલોભનો, અનિષ્ટ પ્રવૃત્તિઓ બંધ કરાવવાથી ભગવાન મહાવીરને વાસ્તવિક અર્ધ્યાંજલિ આપી શકાય.

વિક્રમની તેરમી સદીમાં સદ્ધર્મોપદેશક કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યના સદુપદેશથી પરમાર્હત મહારાજા કુમારપાલે ગુજરાત વગેરે દેશોમાં જીવોને અભયદાન અપાવ્યું હતું. અમારી-અહિંસા પળાવી હતી. તથા શિકાર, જુગાર, મદિરા વગેરે દુર્વ્યસનો દૂર કરાવ્યાં હતાં.

વિક્રમની ૧૭મી સદીમાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિના સદુપદેશ-પ્રભાવે સમ્રાટ્ અકબરે પોતાના વિશાળ સામ્રાજ્યમાં પ્રતિવર્ષ ૬ મહિના ને ૬ દિવસ સુધી કતલખાનાં બંધ કરાવ્યાં હતાં જીવહિંસા અટકાવી હતી. ફતેપુર-સિકરીના બાર ગાઉ-પ્રમાણ ડાબર સરોવરમાં નખાતી જાળો બંધ કરાવી માછલાં વગેરે જલચર જીવોને અભયદાન અપાવ્યું હતું. ગાય, ભેંસ, બળદ, પાડા વગેરેનો કદાપિ વધ ન થાય-તેવાં ફરમાનો પ્રગટ કરાવ્યાં હતાં.

એવાં અહિંસાત્મક શુભ કાર્યોથી ભગવાન મહાવીરને સાચી શ્રદ્ધાંજલિ આપી શકાય. એ રીતે તેમની ૨૫ મી નિર્વાણશતાબ્દી વાસ્તવિક ઉજવી ગણાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેમ અને ધિક્કાર

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

પાટલી પુત્રમાં વિક્રમ કેસરી નામનો ગુણવાન, ઉદાર અને બુદ્ધિશાળી રાજા રાજ્ય કરતો હતો. કોઈ યોગીએ તેના પર પ્રસન્ન થઈને એક પોપટ આપ્યો હતો. આ દેવાંશી પોપટ બધા શાસ્ત્રોનો જાણકાર હતો. પૂર્વજન્મમાં યોગથી ભ્રષ્ટ થવાના કારણે, કોઈએ તેને શાપ આપેલો અને તે કારણે તેને પોપટરૂપે જન્મવું પડ્યું હતું. રાજાએ પોપટનું નામ વિગ્રચૂડામણિ રાખ્યું હતું અને મહત્ત્વની બાબતોમાં તેની સલાહ પણ લેતો. એક વખત રાજાએ પોતે કઈ રાજકન્યા સાથે લગ્ન કરવા તે પોપટને પૂછ્યું અને પોપટે કહેલું કે આપના માટે મગધની રાજકન્યા ચંદ્રપ્રભા દરેક રીતે સુયોગ્ય છે અને તેની સાથેજ લગ્ન થશે.

મગધની રાજકુમારી ચંદ્રપ્રભાને પણ એક સંન્યાસિનીએ ભેટરૂપે એક સુંદર મેના આપી હતી. તેનું નામ રાજકુમારીએ સોમિકા રાખ્યું હતું. આ મેના પણ અદ્‌ભુત જ્ઞાન ધરાવતી હતી. પૂર્વભવના કોઈ દોષના કારણે તેને મેનાનો જન્મ પ્રાપ્ત થયો હતો. આ મેના રાજકુમારીની અત્યંત લાડકી હતી. રાજકુમારીએ એક વખત તેને પોતાના લગ્ન અંગે પૂછેલું, ત્યારે મેનાએ કહેલું કે પાટલી પુત્રનો રાજા વિક્રમકેસરી તમારા માટે સુયોગ્ય પતિ છે.

પછી તો વિક્રમકેસરી અને ચંદ્રપ્રભાના લગ્ન થઇ ગયા. સોમિકા પણ રાજકુમારીની સાથે પાટલી પુત્રના રાજમહેલમાં આવી વસી ગઈ વિગ્ધચૂડામણિ અને સોમિકા બંને જુદા જુદા સુવર્ણના પાંજરામાં રહેતા. એક વખતે રાજાએ મજાકમાં રાણીને કહ્યું: "ચંદ્રપ્રભા ! આપણા લગ્નનો યશ તો વિગ્રચૂડામણિ અને સોમિકાને ઘટે છે. આપણે બંને તો વિભક્તમાંથી અવિભક્ત બની ગયા, ત્યારે આ પોપટ અને મેનાને ક્યાંસુધી જુદાજુદા પાંજરામાં ગોંધી રાખશું ? મારી ઈચ્છા તો મોટું પાંજરૂં કરાવી, તેમાં તેઓ બંનેને એક બીજાના સુખ દુઃખના ભાગીદાર બનાવી, સાથે રાખવાની છે."

ચંદ્રપ્રભાએ હસીને કહ્યું: "રાજન ! આપણા પ્રથમ મિલનના દિવસેજ આ દરખાસ્ત તો મેં પોપટ અને મેના સમક્ષ મૂકી હતી, પણ તે અંગે બંનેની નારાજી જોઇ હું ચૂપ થઈ ગઈ.' રાજાએ જરા ગંભીર થઈ કહ્યું: પરંતુ આવી નારાજી પાછળ કોઇ કારણ તો હશેને ? મારા પોપટ અને તારી મેનામાં કહેવાનું તો કશુંજ નથી. જુગતી જોડી બને તેવું છે."

ચંદ્રપ્રભાએ જવાબ આપતાં કહ્યું, "નાથ ! પરસ્પરના સંલગ્ન માટે વાત કરી, ત્યારે મેં જોયું કે બંનેને પોતપોતાની વિરુદ્ધ જાતિ પ્રત્યે ભારે સૂગ અને નફરત છે, પણ આ બાબત માટે હું નવેસરથી પ્રયત્ન કરી બંને ભિન્નભિન્ન આત્માને એકરૂપ બનાવી દઈશ."

પોપટ અને મેનાના આવા વલણને અંગે રાજાને કુતૂહલ થયું અને તે બંનેને પૂછ્યું, "અમે તમારા લગ્ન કરવા ઈચ્છીએ છીએ, કારણકે અમે પણ તમારી સલાહ અનુસારજ લગ્ન કર્યાં છે. તમને તે બાબતમાં કોઈ વાંધો હોય તો કહો, અમે તેને દૂર કરીએ."

પોપટે કાંઇક આવેશપૂર્વક કહ્યું, "રાજન ! નારી જાતિ પ્રત્યે મને મૂળથીજ ધિક્કાર અને નફરત છે, એટલે આ અને આવી બીજી વાત મારી સમક્ષ ન કરવા મારી આપને નમ્ર પ્રાર્થના છે."

રાજાએ ખેદપૂર્વક કહ્યું : "વિગ્ધચૂડામણિ ! નારી જાતિ પ્રત્યે આવી કઠોર અને કુત્સિત લાગણી હોવા પાછળ પણ કોઈ સબળ કારણ તો હશેને ? મને એ કારણ તો સમજાવ !"

પોપટે ગદ્‌ગદિત બની જઈ કહ્યું, "રાજન ! ગયા જન્મે જોયેલું એક દૃશ્ય મારા હૃદય તટપર હજુ એવું ને એવું મોજૂદ છે. હર્ષવતી નગરીમાં ધર્મદત્ત નામનો એક ધનાઢ્ય શેઠ રહેતો હતો, અને તેને વસુદત્તા નામની અત્યંત લાવણ્યવતી એક પુત્રી હતી. તામ્રલિપિમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેતા એક અત્યંત સુખી, ચારિત્રશીલ અને સ્વરૂપવાન યુવાન સમુદ્રદત્ત સાથે તેના લગ્ન થયા હતા અસત્ય, સાહસ, માયા, મુર્ખાઈ, અતિલોભીપણું, અશૌચપણું અને નિર્દયતા, આ બધાં તો નારી જાતિના સ્વાભાવિક દુર્ગુણો છે. વસુદત્તા એકવખતે પોતાના પિતાને ત્યાં હતી, ત્યારે એક બ્રાહ્મણ યુવાન પર મોહી પડી અને પછી તો તેઓ બંને એક માલણને ત્યાં રાતે મળતાં. એક વખત તેનો પતિ તેને તેડવા આવ્યો, રાતે દૂધ સાથે નશાનો કોઈ કેફી પદાર્થ ભેળવી પતિને પોઢાડી શણગાર સજી તે પેલા બ્રાહ્મણને મળવા નીકળી પડી. એક ચોરે તેને જતાં જોઇ અને તે તેની પાછળ પાછળ ગયો. વસુદત્તાએ માલણને ત્યાં જઈ જોયું, તો પેલા બ્રાહ્મણનું સર્પદંશથી અવસાન થયું હતું. પછી તો રડતાં રડતાં વસુદત્તા પેલા મૃત દેહ સાથે પ્રેમના ચાળા કરવા લાગી. નજીકના વૃક્ષ પર રહેતાં એક યક્ષથી આ દૃશ્ય સહન ન થયું. યક્ષ મૃત દેહમાં દાખલ થઈ બેઠો થયો અને દુરાચારી નારીનું નાક કરડી ખાધું. પેલી ધૂર્ત સ્ત્રીએ પછી સ્ત્રી ચરિત્ર આદર્યું અને ઘેર પાછા જઇ તેના ધણીએ તેનું નાક કરડી ખાધું, એવા બૂમ બરાડા પાડી ધમાલ મચાવી. લોકો જાગી ગયા અને સમુદ્રદત્તને પકડી રાજા પાસે લઇ ગયા. સમુદ્રદત્તે કશો જ બચાવ ન કરતાં મૌન ધારણ કરી લીધું. સ્ત્રી પ્રત્યે તો સૌ સહાનુભૂતિ ધરાવતા હોય છે, એટલે રાજાએ સમુદ્રદત્તને ફાંસીની શિક્ષા કરી. પેલો ચોર જેણે અથથી ઇતિ સુધી આ બધો બનાવ નજરે જોયો હતો, તેણે રાજાને બધી સત્ય હકીકત કહી. તે પરથી રાજાએ તપાસ કરાવી, તો માલણના ઘરમાં પડેલાં મૃત બ્રાહ્મણના મુખમાંથી વસુદત્તાનું નાક મળી આવ્યું. પછી તો રાજાએ વસુદત્તાના કાન પણ કપાવી નખાવ્યાં અને રાજ્યની હદ બહાર હડસેલી મૂકી. પુરુષની શહનશીલતાની ચારે બાજુ પ્રશંસા થઇ રહી. તે સમયે મેં દૃઢ નિશ્ચય કર્યો કે, હવે પછી કોઈ પણ જન્મે કદી નારીનો સંગ ન કરવો. રાજન! મહેરબાની કરી આ મેનાને હું ન જોઈ શકું એવા સ્થળે રાખો, કે જેથી હું શાંત અને સ્વસ્થ રહી શકું. તેને જોઉં છું અને મારું લોહી ઉકળી જાય છે."

રાજાએ પછી મેનાને પૂછ્યું. "આ પોપટને તારી સાથે લગ્ન કરવા સમજાવીએ, તે પહેલાં અમારે તારા મનની ઇચ્છા પણ જાણી લેવી જોઇએ. બોલ! તારી શી ઇચ્છા છે?"

મેનાએ દૃઢતા પૂર્વક કહ્યું. "રાજન! પોપટ મારી સાથે લગ્ન કરવા તૈયાર થાય તો પણ, મારા સાથીદાર તરીકે તેને કે કોઈ અન્ય પોપટને સ્વીકારવા હું હરગિજ તૈયાર નથી. નરની જાત શઠ, કામી, અવિચારી, ધૂર્ત, જૂઠ્ઠી અને દગાખોર હોય છે લગ્ન પહેલાં મીઠી મીઠી વાતો કરી ભોળી નારીને ભરમાવે છે અને લગ્ન પછી પોતાનું માલિકી પણું તેના પર દાખવે છે."

મેનાએ પોતાના આવા મંતવ્યના ટેકામાં પૂર્વભવમાં જોયેલા એક દૃશ્યની વાત કરતાં આગળ કહ્યું: "રાજન! કામંદકી નામના શહેરમાં અર્થદત્ત નામના ધનાઢ્ય વેપારીને ધનક્ષય નામે એક પુત્ર હતો. પિતાના મૃત્યુ બાદ ખરાબ મિત્રોની સંગતમાં જુગાર અને દારુના માર્ગે બધું ધન ખલાસ કરી પોતાંના પિતાના ધનાઢ્ય મિત્રને ત્યાં ચંદનપુર ગયો, જ્યાં પેલા શેઠે રત્નાવલી નામની પોતાની સુંદર અને ગુણવાન પુત્રી તેની સાથે પરણાવી. ધનક્ષય તો ઘરજમાઈ બની ત્યાં રહેવા લાગ્યો પણ ત્યાં મદિરા, જુગાર વિ.ની શકયતા ન હતી, એટલે પત્નીને લઈ પોતાના ગામ આવવા નીકળ્યો વચમાં લુંટારાઓનો ભય બતાવી પત્ની પાસેથી તમામ દાગીના લઇ, પછી તેને એક કૂવામાં નાખી દઈ ધનક્ષય તો કામંદકી ઉપડી ગયો કૂવામાં પડતી વખતે રત્નાવલીના હાથમાં એક વૃક્ષ આવી જતાં તે બચી ગઇ અને કોઈની મદદથી પાછી પોતાના પિતાને ત્યાં પહોંચી ગઇ ત્યાં સૌને કહ્યું કે માર્ગમાં લુંટારાઓ બધું લઈ ગયા અને તેના ધણીને પણ પકડી ગયા. થોડા દિવસો બાદ ધનક્ષય પાછો ચંદનપુર આવ્યો, ત્યારે રત્નાવલીએ તેને તુરતજ કહી દીધું કે તેના દુષ્કૃત્યની વાત તેણે કોઇને કહી નથી. ભૂતકાળને ભૂલી જઈ હવે ડહાપણપૂર્વક રહેવા માટે આજીજી કરી. પણ કૂતરાની પૂંછડી કદી સીધી થતી નથી, એમ એક રાતે પુનઃ પત્નીના અંગ પરથી તમામ દાગીનાઓ કાઢી લઇ, તેને મારી નાખી અને નાશી ગયો. સ્ત્રીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડહાપણ અને સહનશક્તિનો આ નરાધમે આવો બદલો આપ્યો. ત્યારથીજ અવળચંડી આ નરજાતનો, કદી પણ વિશ્વાસ ન કરવાનો મેં દૃઢ નિર્ણય કર્યો છે. પોપટનું મ્હોં જોતાંજ મારા દિલમાં અગ્નિ પ્રગટે છે."

તિર્યંચ જાતિમાં પણ ધિક્કારની આવી જલ્લદ લાગણી હોઈ શકે છે એ જાણી રાજા અને રાણી બંને વિસ્મય પામ્યાં. ચંદ્રપ્રભાએ પછી રાજાને કહ્યું, "નાથ ! માનવથી આ જગતમાં કોઇ વધુ ચડિયાતું નથી, તેમ છતાં માનવો આવા દુષ્કૃત્યો કરે, ત્યારે તિર્યંચ જાતિના જીવો પર પણ તેની કેવી બૂરી અસર થાય છે ? આ પોપટ અને મેના તો આપણા પ્રિય સંતાનો જેવા છે. ધિક્કારની તેઓની આવી લાગણીમાંથી મુક્ત બનાવી, પ્રેમના માર્ગે દોરવાનો આપણો ધર્મ છે. માનવમનની લાગણીના આંદોલનો હવામાં ચારે બાજુ પ્રસરે છે, અને તેની અસર વધતા ઓછા અંશે જગતના સર્વ જીવો પર થાય છે. પણ આ બંનેની વાતમાંથી એક તત્ત્વ તો જરૂર તારવી શકાય, કે સ્ત્રી જાતિના વિધ્વંસ અને વિકૃત ભાવોની સરખામણીમાં, પુરુષ જાતિના આવા ભાવો વધુ ક્રૂર અને ઘાતકી હોય છે. કામાંધ બની વસુદત્તા પોતાનો ધર્મ ચૂકી અધમ માર્ગે ગઈ, એ સાચું, પણ ધનક્ષયે તો નિર્દય, ક્રૂર અને ઘાતકી બની જઇ પત્નીનો જીવજ લઇ લીધો. પણ આ બંનેને સાચા માર્ગે લાવીનેજ જંપીશ."

બીજા દિવસે સ્નાન અને પૂજા પાઠ કરી ચંદ્રપ્રભાએ એક બાજુ પોપટને બેસાડ્યો અને બીજી બાજુએ મેનાને બેસાડી કહ્યું: "કોઈપણ માનવ, પશુ કે પક્ષી મનમાં દ્વેષ ભાવ રાખે, તો તેના માટે તે દાવાનળનુંજ કામ કરે છે. બહારના દાવાનળ કરતાં ભીતરનો દાવાનળ વધુ ભીષણ હોય છે. કાયાના પાપ કરતાં મનનાં પાપને ઓછું ખરાબ માનવું એ ભૂલભર્યું છે. ચોખાના દાણા જેવડો તાંદુલિયો મચ્છ મનનાં પાપથીજ અધમ ગતિ પ્રાપ્ત કરે છે. જેના મનમાં દ્વેષના કલુષિત ભાવો હોય, તેને કદાપે અંતરંગ શાંતિ પ્રાપ્ત થઈ શકતી નથી. તમે બંનેએ ગઈ કાલે એક પુરૂષ અને એક સ્ત્રીના દુષ્કૃત્યની વાત કરી, એ વાત સાચી છે, એટલું જ નહીં પણ તમારા રાજા અને હું પૂર્વ જન્મમાં એજ પાત્રો સાથે સંકળાયેલા હતા. પોપટે જે સ્ત્રીની વાત તેણે ધરાર સ્વમુખે ન કરી અને ફાંસી પર ચઢવા તૈયાર થયો. પૂર્વભવમાં જે સહી લીધું તેનું ફળ આ જન્મે પ્રાપ્ત થયું. તેવી રીતે, મેનાએ જે પુરૂષના અધમ કૃત્યની વાત કરી, તેજ પુરૂષની હું ગયા જન્મે પત્ની હતી. અલૌકિક આનંદનો ભાર વિધાતા જેને સોંપે છે, તેને પહેલાં તો અપાર વેદના સહેવી પડે છે. અમાસની અંધારી રાત પછી જ પ્રકાશમય રાતની શરૂઆત થાય છે. મારા પતિએ મને કૂવામાં ફેંકી દીધી, પણ તે વાત મેં કોઈને ન કહી. કોઈના વિરૂદ્ધ ફરિયાદ કરવાને બદલે, માણસે ફરિયાદ તો પોતાના કર્મની જ કરવાની હોય છે. માનવ માત્રની બુદ્ધિ પોતપોતાના કર્માનુસાર હોય છે. કોઈ પાછલા ભવમાં, મારા જીવે ધનક્ષયના જીવ સાથે દુર્વ્યવહાર કર્યો હશે, તેથી જ તો તેણે મારી સાથે આવું બેહુદું વર્તન કર્યું હશેને ? તો પછી, એ જીવનો દોષ જોવાને બદલે શા માટે હુ મારો જ દોષ ન જોઉં ? અપરાધી પ્રત્યે પણ દયા અને કરૂણાની દૃષ્ટિ જ હોવી જોઈએ. મારી એવી દૃષ્ટિનું ફળ મને આ જન્મે મળ્યું જ છે ને! લગ્નથી માનવનો સંસાર વિસ્તૃત થાય છે, એટલે વિના લગ્ને જે સમભાવ પૂર્વક પવિત્ર અને નિર્મળ જીવન જીવી શકે, તેણે તો લગ્નના આળપંપાળથી અલિપ્ત જ રહેવું જોઇએ. પણ તમે બંને તમારી વિરુદ્ધ જાતિ પ્રત્યે અત્યંત કુત્સિત લાગણી ધરાવો છો, તેમાંથી મુક્ત બનવા માટે તમારા માટે લગ્નની આવશ્યકતા છે. રાગદ્વેષના ભાવોમાંથી મુક્ત બનવું, એ મુક્તિનું પ્રથમ સોપાન છે. અને જોજો દ્વેષમાંથી મુક્ત બનવું શકય છે પણ તમારા વચ્ચે રાગ બંધાઇ જશે, તો તેમાંથી મુકત બનવું ભારે દુષ્કર થશે સાચા પ્રેમમાં આસક્તિ નહિં પણ પવિત્રતા હોવી જરૂરી છે. આ બધું અનાસક્ત ભાવે થાય તોજ તે શોભે છે. નર અને નારી વચ્ચેનું સહજીવન એ પણ એક કલા છે અને તેથી જ તો સફળ દાંપત્ય જીવન એ પણ એક પ્રકારની યોગસાધના છે. આ કલા સાધ્ય કરવા તપ અને

(અનુસંધાન પાના નં. ૧૨૮ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યવાદી શોભન શેઠ

લેખક : શ્રી રતીલાલ મફાભાઈ શાહ–માંડલ

મહારાજા કુમારપાળના સમયમાં શ્રીપાલ નામે એક ગરીબ જૈન હતો. જે પરચુરણ હાટડી ચલાવી પોતાનું ગુજરાન જેમ તેમ ચલાવતો. છ બાળકોનો પિતા હોઈ એને ખૂબજ પરિશ્રમ ઉઠાવવો પડતો હતો છતાં પેટપુરતું રળી શકાતું નહિ જેથી એ ખૂબ કરકસર કરતો. સાથે ગ્રાહકોને પણ ચીજ લેવા દેવામાં પણ જે બાજુ લાભ હોય તે બાજુ ત્રાજવાની દાંડી નમાવી દેતો. હલકો અને સસ્તો માલ પણ સારા સાથે ભેળવી દઈ સારા માલને નામે ખપાવી દેતે. જોકે એથી ગ્રાહકો તૂટતા. જેથી નવા મેળવવા માટે ખૂબજ મથામણ કરવી પડતી.

એનો મોટો દિકરો શોભન નાની ઉંમરેજ પિતાની દુકાને બેસી ગયો હતો. પણ એથી પિતાની મુંઝવણમાં વધારોજ થયો કારણકે શોભન સત્યવાદી હતો. ધર્મિષ્ટપણાને કારણે નાનપણથીજ ન્યાય નીતિથી વર્તવું, કોઈપણ સાથે દગો–પ્રપંચ ન કરવો એવા સંસ્કારોએ એનામાં ઉંડી જડ ઘાલી હતી.

આ કારણે ન કોઈનું અધિકું લેતો. ન કોઈને ઓછું તોળી આપતો. પિતા ભાવમાં જેમ વાગે તેમ વગાડતા. નાના બાળકો કે અજાણ્યાઓ પાસેથી વધુ ભાવ લેતા તેમજ સારાને નામે હલકો માલ પણ વળગાડી દેતા. પણ શોભન, નાનો હોય કે મોટો, જાણીતો હોય કે અજાણ્યો, સહુ પાસેથી એકજ ભાવ લેતો. તેમજ નબળા માલને નબળો અને સારા માલને સારો કહેતો. આમ એ એક રીતે કામ લેતો, પિતા બીજી રીતે લેતા. આથી પિતા–પુત્ર વચ્ચે ઘર્ષણ થવા લાગ્યું. ક્યારેક એની પ્રમાણિકતા અને સચ્ચાઈને કારણે ગ્રાહકોની હાજરીમાંજ પિતાને ભોંઠા પડવું પડતું. આથી પિતા ક્રુદ્ધ બની એને ધમકાવતા અને જો આમ સત્યવાદીનું પૂછડું બની જઈશ તો બધાને હું ખવરાવીશ કેવી રીતે કહી ખરાબ ગાળો પણ ભાંડતા.

પણ શોભને ન્યાય અને પ્રમાણિકતાનો રાહ ન છોડ્યો. સત્ય બોલવાનું ન તજ્યું અને એ માટે પિતાનો ઠપકો પણ સહી લેતો. એકવાર પિતાએ કરેલા મોટા સોદામાં એણે જણાવ્યું કે "પિતાજી! એ ચણા તો સડેલા છે નવા ચણાના કોથળા તો આ બાજુ ગોઠવ્યા છે." આ સાંભળી ગ્રાહક શેઠની લુચ્ચાઈ જાણી ગયો અને રસ્તે પડ્યો. શેઠે આથી સારો નફો ખોયો જેથી ઉશ્કેરાઈ જઈ પુત્રને ઢોરમાર માર્યો. આજુબાજુના વેપારીઓ તથા ગ્રાહકોએ વગેરેએ વચ્ચે પડીને પુત્રને છોડાવ્યો. શોભન થોડા દિવસ ખાટલે પડ્યો. પણ એને દુઃખ મારનું નહોતુ પણ અપ્રમાણિક ધંધાનુ હતું. ભૂખે મરવું એ પસંદ કરતો પણ જૂઠ–અન્યાય એ સહી શકતો નહીં.

પત્નીએ શેઠને કહ્યું કે ભલે આપણે ઘેંસ ખાઇને પડ્યા રહીશું પણ તમે એને જ હવે કામ કરવા દો. દુકાન ચલાવે એવો તો એ તૈયાર થઈ ગયો છે. પછી થોડું રળશે તો થોડું ખાશું પણ તમે એને હેરાન ન કરો એને જ દુકાન ચલાવવા દો. તમે એને માલ લાવવામાં તથા નામું તૈયાર કરવામાં મદદ કરો એટલે બસ થોડો વખત તો જુઓ કે કેમ ચાલે છે. નહિતો પછી કંઈક બીજી ગોઠવણ કરીશું. પણ શેઠને ગળે આ વાત ઉતરી નહીં.

એ વ્યવહારૂ માણસ હોઈ બબડવા લાગ્યા કે ધંધામાં એવી વાતો ન ચાલે. સત્યવાદીના પૂંછડા થવું હોય તો ઓઘો લઈને બેસી જાઓ. ઘર ચલાવવું અને સત્યવાદીનું પૂછડું પકડી રાખવું એ બે સાથે ન ચાલે. તનેય દિકરાનો અવગુણ દેખાતો નથી પણ ભૂખે મરવા દહાડો આવશે ભૂખે મરવા!

ઘરાગી નબળી પડી હતી. કમાણી પણ ઘટી ગઈ હતી. તેથી શેઠનું મન ધંધામાંથી ઉઠી ગયું. પણ કુટંબના પેટની ચિંતા હતી જેથી વ્યગ્ર બની નોકરી માટે દોડાદોડ કર્યા કરતા હતા. દુકાન એમણે પુત્રને સોંપી દીધી.

છ બાર મહીના પુરી મુશ્કેલી ભોગવવી પડી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીવાર જારના રોટલા પર જ નભવું પડતું તો કયારેક દિવસો અર્ધભુખ્યા પણ પસાર કરવા પડતા. પણ શોભનની પ્રમાણિકતા અને ન્યાયબુદ્ધિથી ધીમે ધીમે ઘરાગી જામતી ગઈ. એક જ ભાવ, ન છેતરાવાનો ભય કે ન ભેળસેળનો માલ–એથી એની શાખ ખૂબ વધી ગઈ. આથી બાળક હોય કે બુઢ્ઢા. જાણ્યા હોય કે અજાણ્યા, સહુ કોઈને ભારે વિશ્વાસ જામ્યો હોઈ એને ત્યાંથી જ ખરીદવાનો આગ્રહ રાખતા. નહોતી કરવી પડતી હવે કોઈને ભાવની માથાફોડ કે નહોતી રાખવી પડતી કોઈને તોલમાપ પર નજર. આથી પાંચ વર્ષમાં તો આખા પાટણમાં એની એવી શાખ બંધાઈ ગઈ કે મહારાજા કુમારપાળે પણ ત્યાંથી જ માલ લેવા રાજપુરૂષોને કડક આદેશ આપ્યો હતો. પિતા ફક્ત નામું જ સંભાળતા બાકી શોભન શેઠની જ ચાંપતી નજર હોઈ નોકરો પણ પ્રમાણિકતા અને સચ્ચાઈપૂર્વક વર્તતા. આમ હવે ઘરાગી વધી રહી હતી. નોકરોની પણ મોટી સંખ્યા થઈ હતી. એથી ઝડપથી ધંધો વધારી શોભન શેઠ લક્ષાધિપતિ બની ગયા. સમાજમાં તથા રાજદરબારમાં પણ એમનું માન વધવા લાગ્યું. સહુ કોઈના હવે એ આદરપાત્ર શેઠ બન્યા. મહારાજા કુમારપાળ પણ આવા સદ્દગુણોથી આકર્ષાઈ શેઠને ભારે માન આપતા તેમજ વ્યવહારિક બાબતોમાં કયારેક એમની સલાહ પણ લેતા.

પિતા હવે વૃદ્ધ થયા હતા. જેથી એ બાળકોને સાચવતા અને બાકીનો સમય ધર્મકાર્યમાં ગાળતા. શોભન શેઠના બીજા ભાઈઓ પણ સારી સ્થિતિએ પહોંચ્યા હતા આમ ન્યાયસંપન્ન સંપત્તિ મેળવી શોભનશેઠ હવે મોટા ધનાઢ્ય પુરુષ બની ગયા હતા. પણ ધનનો એમને મોહ નહોતો. મોહ હતો સત્યપાલન અને પ્રમાણિક આચરણનો. એથી સંપત્તિને નાશવંત માની એ એનું છુટ્ટે હાથે ગરીબોને દાન કરતા. સામાજિક અને ધાર્મિક કાર્યોમાં પણ પાણી પેઠે પૈસા વહાવતા. નાનપણમાં એમણે ખુબ દુઃખ વેઠયું હતું જેથી દીન હીન દુઃખિયારાઓની વેદના એ તરતજ કળી શકતા.

શોભનશેઠ અનેક વિરોધી પરિબળો વચ્ચેથી પણ માર્ગ કરી ખૂબ ઉંચે ચડ્યા હતા. અને સમગ્ર પાટણમાં માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પણ જેઓ આવી મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે એમને પરમાત્મા વહેલા બોલાવી લે છે શોભનશેઠ ઉચ્ચ કીર્તિ અને માન પ્રાપ્ત કરી એકાદ બે દિવસની ટુંકી માંદગી ભોગવી ભરયુવાવસ્થામાંજ બીજી દુનિયામાં ચાલી નીકળ્યા હતા.

પાટણે એમના મૃત્યુનો ઉંડો આઘાત અનુભવી શોક પાળ્યો હતો. અને એમની સ્મશાન યાત્રાનાં વિશાળ સમુદાયે સામેલ થઈ હૈયાનાં આંસુ વહાવ્યા હતા. મહારાજા કુમારપાળ પણ એમની સ્મશાન યાત્રામાં જોડાયા હતા.

શોભન શેઠ ગયા છે પરંતુ સત્ય, પ્રમાણિકતા વગેરે ઉચ્ચ ગુણો જીવનમાં ઉતારીને અનુકરણીય દાખલો મુકતા ગયા છે.

ધન્ય છે એ શોભનશેઠને!

---

(અનુસંધાન પાના નં. ૧૨૫ નું ચાલુ)

સહિષ્ણુતાની જરૂર પડે છે. પતિપત્નીના સહજીવનમાં કોઈ એક પાત્ર ભૂલ કરે, તો બીજું પાત્ર એ વખતે વિચારે કે, મારા સાનિધ્યમાં રહેવા છતાં આવી ભૂલ થઈ, તેનો અર્થ એટલો જ કે તેની પ્રત્યેના મારા પ્રેમમાં એટલા અંશે ન્યૂનતા છે. નહિં તો ભૂલ થાય જ કેમ? પણ ખરી વાત તો એ છે કે સાચો પ્રેમી, પોતાના પ્રેમ પાત્રનો દોષ જોઇ શકતો જ નથી, તેથી જ તો પ્રેમ આંધળો કહેવાય છે ને! સાચો પ્રેમી, પ્રેમ પાત્રનો દોષ જોવાને બદલે પોતાનામાં જ દોષની ખોજ કરતો હોય છે. તમે બંને લગ્ન કરો, આવો પ્રેમ કેળવો અને તમારાથી વિરુદ્ધ જાતિ પ્રત્યેના ધિક્કાર, તિરસ્કાર, નફરત વૃત્તિમાંથી મુક્ત થાઓ. દ્વેષ પાપ છે, પ્રેમ પુણ્ય છે. દ્વેષ માનવને નર્કાગારમાં ઘસડી જાય છે, પ્રેમ સ્વર્ગના દ્વારે લઇ જાય છે. પછી તો પોપટ અને મેના પીગળી ગયા અને લગ્ન કરી એક જ પાંજરામાં દાખલ થઈ ગયા. રાજા વિક્રમે જ્યારે આ વાત જાણી ત્યારે ચંદ્રપ્રભાને ધન્યવાદ આપ્યા અને પોપટ તથા મેનાને અભિનંદન આપ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## પરદેશ અભ્યાસ લોનસ્કોલરશીપ

ઉચ્ચ અભ્યાસની પ્રથમ શ્રેણીની કારકિર્દી ધરાવનાર શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના શ્રી મહાવીર લોન ફંડ, શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડ, શ્રી હરિચંદ અમીચંદ પરદેશ અભ્યાસ ફંડ, શ્રીમતી ઇન્દુમતી વ્રજલાલ શાહ એજ્યુકેશનલ ટ્રસ્ટ ફંડમાંથી પૂરક રકમની લોન સ્કોલરશિપ આપવામાં આવશે. શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડનો લાભ સૌરાષ્ટ્રના શ્વેતામ્બર વીશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે જે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન સુધીની બધી પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી, પરદેશની યુનવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હોય તેણેજ અરજી કરવી. અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઇ–૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી રૂ. ૧–૨૦ પૈસાની કિંમતે મળશે.

અરજીઓ સ્વીકારવાની છેલ્લી તા ૨૦ મી જુલાઈ છે.

**વિદ્યાર્થીગૃહ પ્રવેશ :**

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુંબઇ, અંધેરી, અમદાવાદ, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, પૂના અને ભાવનગરમાં વિદ્યાર્થીગૃહો છે. એસ. એસ સી. કે સમાન કક્ષાની પરીક્ષા ઉત્તિર્ણ કરી, ઉચ્ચ અભ્યાસ કરનાર શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. દરેક સ્થળના વિદ્યાર્થીગૃહ માટે અલગ અરજીપત્રક છે. દરેક સ્થળના અરજીપત્રકની કિંમત એક રૂપિયો છે. અરજીપત્રક મંગાવનારે એક રૂપિયો અને ટપાલ ખર્ચના ૩૦ પૈસા મળી રૂા ૧–૩૦ ની ટપાલની ટિકિટો મોકલવા ઉપરાંત જે સ્થળનુ અરજીપત્રક જોઇતુ હોઈ તે સ્થળ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૫ મી જૂન છે.

**ઉચ્ચ શિક્ષણ માટે સહાય :**

એસ. એસ. સી કે સમાન કક્ષાની પરીક્ષા પછી કોલેજમાં અભ્યાસ કરનાર શ્વે મૂ. જૈન વિદ્યાર્થીઓ વિદ્યાર્થિનીઓને શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટફંડમાંથી પૂરક આર્થિક સહાય ટ્રસ્ટ યોજનાના નિયમાનુસાર લોનરૂપે આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક ૫૦ પૈસાની ટીકીટ મોકલવાથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦મી જૂન છે. આ ફંડમાંથી સહાય લેવા માટે અરજી કરનારે એસ. એસ. સી. પરીક્ષા સંસ્કૃત કે અર્ધમાગધી સાથે ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવી પસાર કરેલ હોવી જોઇએ.

**માધ્યમિક શિક્ષણ અંગે સહાય :**

માધ્યમિક શિક્ષણ (ધોરણ ૮ થી ૧૧) માટે શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશિપ ફંડમાંથી શ્વે. મૂ જૈન વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીનીઓને લોન આપવા માટેનું નિયત અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦ મી જૂન છે.

**કન્યા છાત્રાલય શિષ્યવૃત્તિ :**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દર વર્ષે ઉચ્ચ શિક્ષણ લેતી શ્વે. મૂ. જૈન બહેનોને શિષ્યવૃત્તિ આપે છે. અરજીપત્રકની કિંમત ૫૦ પૈસા છે. ટપાલ દ્વારા મંગાવનારે ૨૫ પૈસા વધારે મોકલવા અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૨૦ મી જૂન છે.

ઉપરોક્ત સર્વે અરજીપત્રકો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિમાર્ગ, મુબઈ ૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સાચું માનશો ?

૬૦ × ૫ = ૩૭૮

૬૦ × ૧૦ = ૭૫૭

દર મહિને નિયમિત રૂપિયા **૫/-**

**સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના**

**રિકરિંગ ડિપોઝિટ ખાતામાં**

બચાવવાથી ૬૦ માસને અંતે રૂપિયા **૩૭૮/-** મેળવી **શકાય.**

**આજે જ અમારી કોઇપણ શાખામાં**

**રિકરિંગ ડિપોઝિટ ખાતું**

ખોલાવો અને આકર્ષક દરે વ્યાજ મેળવો.

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર - ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. न. पै |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ट्ठा | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ श्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०-०० |

## અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૫-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૩-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૩-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૭-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only